જનગણના 2027 સંપૂર્ણ ડિજિટલ બનશે, ઘરયાદી બનાવવામાં આવશે

# રાજ્યમાં 1 જૂનથી મકાનોની ગણતરી શરૂ

**પ્રથમ વખત નાગરિકોને 'સ્વ-ગણતરી'ની સુવિધા, 17 મે થી 31 મે સુધી ઓનલાઈન વિગતો ભરાશે**

ગાંધીનગર: ગાંધીનગર ખાતે જનગણના કાર્ય નિદેશાલય, ગુજરાત દ્વારા જાહેરાત મુજબ , જનગણના 2027 દેશની 16મી અને આઝાદી પછીની 8મી જનગણના રહેશે, જે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરાશે. ગુજરાતમાં પ્રથમ તબક્કા તરીકે 1 થી 30 જૂન, 2026 દરમિયાન 'ઘરયાદી અને મકાનોની ગણતરી' હાથ ધરાશે, જ્યારે બીજા તબક્કામાં 9 થી 28 ફેબ્રુઆરી, 2027 દરમિયાન 'વસ્તીની ગણતરી' તથા જાતિ ગણતરી કરવામાં આવશે. પ્રથમ વખત નાગરિકોને 17 થી 31 મે દરમિયાન પોર્ટલ પર પર 'સ્વ-ગણતરી' કરવાની સુવિધા આપવામાં આવી છે. રાજ્યમાં 1.10 લાખથી વધુ હાઉસલિસ્ટિંગ બ્લોક્સ, 1.09 લાખ ગણતરીદારો અને 18 હજારથી વધુ સુપરવાઈઝરો જોડાશે.

ગાંધીનગર ખાતે જનગણના કાર્ય નિદેશાલય, ગુજરાત દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાતના વસ્તી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ જણાવ્યું હતું કે દેશમાં છેલ્લે વર્ષ 2011માં જનગણના યોજાઈ હતી.આ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા બે તબક્કામાં હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં 'ઘરયાદી અને મકાનોની ગણતરી' (HLO) ગુજરાતમાં 1 જૂનથી 30 જૂન, 2026 દરમિયાન કરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં 'વસ્તીની ગણતરી' (PE) 9 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી, 2027 દરમિયાન યોજાશે. આ બીજા તબક્કા દરમિયાન જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્ત્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્કયામતો સહિત કુલ 34 મુદ્દાઓ અંગે માહિતી એકત્રિત કરવામાં આવશે. કેન્દ્ર સરકારે આ સમગ્ર કામગીરી માટે રૂ. 11,718.24 કરોડના ખર્ચને મંજૂરી આપી છે.

### 'સ્વ-ગણતરી' માટે ઓનલાઈન પોર્ટલ શરૂ

આ વખતે પ્રથમ વખત નાગરિકોને 'સ્વ-ગણતરી' (Self-Enumeration) દ્વારા જનગણનામાં સીધી ભાગીદારી કરવાની તક આપવામાં આવી છે. તેના માટે 17 મે થી 31 મે, 2026 દરમિયાન અધિકૃત પોર્ટલ https://se.census.gov.in પર જઈને નાગરિકો પોતાની અને પોતાના કુટુંબની વિગતો ઓનલાઈન ભરી શકશે.સ્વ-ગણતરી પૂર્ણ થયા બાદ નાગરિકોને મળનાર SE ID ગણતરીદારને આપવાનો રહેશે. ગણતરીદાર દ્વારા માહિતીની ચકાસણી બાદ તેને મુખ્ય ડેટાબેઝમાં સામેલ કરવામાં આવશે. આ પ્રક્રિયા દ્વારા ડેટા સંગ્રહ વધુ ઝડપી અને સરળ બનશે તેમજ ફિલ્ડ વર્કનું ભારણ પણ ઘટશે.

### માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રહેશે

જનગણના દરમિયાન એકત્રિત થતી તમામ વ્યક્તિગત માહિતી જનગણના અધિનિયમ-1948 અને જનગણના નિયમો-1990 હેઠળ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવશે. આ માહિતીનો ઉપયોગ કાયદાકીય અથવા કરવેરા સંબંધિત હેતુઓ માટે નહીં થઈ શકે તેવો વિશ્વાસ પણ આપવામાં આવ્યો હતો. સુજલ મયાત્રાએ તમામ નાગરિકોને જનગણનામાં સક્રિયપણે ભાગ લેવા અને સાચી તથા સંપૂર્ણ માહિતી આપવા અપીલ કરી હતી. કોઈપણ માહિતી અથવા માર્ગદર્શન માટે ટોલ-ફ્રી નંબર 1855 તેમજ Census India Official Website પર સંપર્ક કરવાની અપીલ પણ કરવામાં આવી છે.

### ગુજરાતી સહિત 16 ભાષામાં એપ્લિકેશન ઉપલબ્ધ

નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, આ વખતે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એન્ડ્રોઇડ અને iOS આધારિત એપ્લિકેશન દ્વારા ગુજરાતી સહિત 16 ભાષાઓમાં માહિતી એકત્રિત કરવામાં આવશે. ઇન્ટરનેટ ન હોય તેવી સ્થિતિમાં પણ ઓફલાઇન ડેટા સંગ્રહ શક્ય બનશે.ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત 1,10,598 હાઉસલિસ્ટિંગ બ્લોક્સ, 1,09,038 ગણતરીદારો અને 18,254 સુપરવાઇઝરો કાર્યરત રહેશે. આ માટે અધિકારીઓ અને કર્મચારીઓને ત્રણ તબક્કામાં તાલીમ આપવામાં આવી રહી છે.

# અરેઠમાં અકસ્માત થતાં 4 કલાક રસ્તા ચક્કાજામ, ચેકપોસ્ટ હટાવાઈ

**બેફામ દોડતી ટ્રક નીચે બાઇક આવી જતાં લોકો અકળાયા, આખરે ભૂસ્તર વિભાગની ચેકપોસ્ટ દૂર કરાઈ**




માંડવી: અરેઠ નજીક બૌધાન ફાટા ચાર રસ્તા પાસે ખનીજ ભરેલા હાઇવા ટ્રકની અડફેટે એક મોટરસાઇકલ આવતાં સર્જાયેલા અકસ્માત બાદ ગ્રામજનોએ રસ્તા પર ઊતરી આવીને સળંગ ચાર કલાક સુધી ચક્કાજામ કર્યો હતો, જેના પગલે તંત્રએ દોડતા થઈ અંતે વિવાદિત બિનઅધિકૃત ચેકપોસ્ટ હટાવવાની ફરજ પડી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર અરેઠના બૌધાન ફાટા વિસ્તારમાં મોડી રાતે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હાઇવા ટ્રક નં.(GJ.16. AY.7642)ના ચાલકે એક મોટરસાઇકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ટ્રકની નીચે આવી જતાં તેને ભારે નુકસાન પહોંચ્યું હતું. જો કે, સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી પરંતુ ખનીજ ભરેલા ટ્રકો દ્વારા વારંવાર સર્જાતા અકસ્માતોની વણઝારને કારણે ગ્રામજનોની ધીરજ ખૂટી ગઈ હતી. આ અકસ્માત બનતા જ મોટી સંખ્યામાં સ્થાનિકો ઘટના સ્થળે ઊમટી પડ્યાં હતાં. ગ્રામજનોએ ચેકપોસ્ટને જવાબદાર ઠેરવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને રસ્તાની વચ્ચોવચ બેસી જઈને ૪ કલાક સુધી ટ્રાફિક જામ કરી દીધો હતો. તંત્ર સામે ભારે નારાજગી અને સૂત્રોચ્ચારને પગલે સમગ્ર વિસ્તારમાં તણાવભરી સ્થિતિનું નિર્માણ થયું હતું. અંતે લોકોના ઉગ્ર આક્રોશ અને પરિસ્થિતિની ગંભીરતાને પારખીને સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસે દરમિયાનગીરી કરી હતી. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ બિનઅધિકૃત ચેકપોસ્ટ હટાવવાનો નિર્ણય લેવામાં આવતાં મામલો થાળે પડ્યો હતો.

# રાજ્યમાં 55 વર્ષ પછી બિનકાર્યક્ષમ કર્મચારીને સમય પહેલા નિવૃત્ત કરાશે

**રાજ્ય સરકારનો કડક અને દૂરગામી નિર્ણય, 11 મુદ્દાઓના આધારે મૂલ્યાંકન કરાશે, બાદમાં પગલાં લેવાશે**

ગાંધીનગર: રાજ્યના વહીવટી તંત્રમાં કાર્યક્ષમતા વધારવા અને સરકારી કામગીરીને વધુ જવાબદાર બનાવવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. હવે 55 વર્ષની વય પૂર્ણ કરનાર એવા સરકારી કર્મચારીઓની કામગીરીની વિશેષ સમીક્ષા કરવામાં આવશે, જેઓ નબળી કામગીરી, બેદરકારી, અનિયમિતતા અથવા શિસ્તભંગ જેવી બાબતોમાં સંડોવાયેલા હોવાનું સામે આવશે. સરકાર આવા કર્મચારીઓને સમય પહેલાં ફરજમુક્ત (ઘરભેગા) કરવાની કાર્યવાહી કરી શકે છે.

હિસાબ અને તિજોરી નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર, ગ્રુપ-1થી ગ્રુપ-4 સુધીના તમામ વિભાગોના કર્મચારીઓની માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને 1 ઓક્ટોબર, 2026થી 31 ડિસેમ્બર, 2026 દરમિયાન 55 વર્ષની ઉંમર પૂર્ણ કરનારા કર્મચારીઓની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કર્મચારીઓના મૂલ્યાંકન માટે 11 મહત્વપૂર્ણ મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા છે. તેમાં છેલ્લા કેટલાય વર્ષોના સેવા રેકોર્ડ, ગુપ્ત અહેવાલો, કામગીરીની ગુણવત્તા, વર્તન અને જવાબદારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત કર્મચારી સામે કોઈ વિભાગીય તપાસ, શિસ્તભંગની કાર્યવાહી, ગુનાહિત કેસ અથવા કોર્ટ કેસ પેન્ડિંગ છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે.

### સરકારના વિભાગોમાં કામચોર કર્મચારીઓની ફરિયાદો મળી રહી હતી

સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ લાંબા સમયથી કેટલાક વિભાગોમાં બિનઉત્પાદક અને કામચોર કર્મચારીઓને કારણે કામગીરીની ગતિ ધીમી પડતી હોવાની ફરિયાદો મળી રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે હવે વધુ કડક વલણ અપનાવ્યું છે. જો કોઈ કર્મચારીની કામગીરી અસંતોષજનક જણાશે અથવા ગંભીર ફરિયાદો સામે આવશે તો સરકાર તેમને જનહિતમાં સમય પહેલાં નિવૃત્ત કરી શકે છે.

# મોરા તળાવમાં ઓક્સિજનનું સ્તર ઘટતાં માછલીઓનાં મોતનું તારણ

**જીપીસીબીની તપાસમાં દૂષિત પાણી નહીં, પણ ઓક્સિજનનું સ્તર ઘટતા મોત થયાનું સામે આવ્યું**

સુરત : મોરા ગામના તળાવમાં માછલીઓના મોત બાદ જીપીસીબી દ્વારા તપાસ કરતા કોઈપણ પ્રકારનું દૂષિત અથવા કેમિકલયુક્ત પાણી તળાવમાં છોડાયું હોવાના પુરાવા મળ્યા નથી. જીપીસીબીના તારણ મુજબ તળાવના પાણીમાં ઓક્સિજનનું સ્તર અત્યંત ઘટી જતાં માછલીઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

સુરત જિલ્લાના મોરા ગામ ખાતે આવેલા તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓના મોતની ઘટના સામે આવતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં તળાવની સપાટી પર અસંખ્ય મૃત માછલીઓ તરતી જોવા મળતા પર્યાવરણ અને જળ પ્રદૂષણ અંગે અનેક સવાલો ઊભા થયા હતા.

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા આજે સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. જીપીસીબીની પ્રાથમિક તપાસમાં કોઈપણ પ્રકારનું દૂષિત અથવા કેમિકલયુક્ત પાણી તળાવમાં છોડાયું હોવાના પુરાવા મળ્યા નથી. તપાસ દરમિયાન તળાવના પાણીના નમૂનાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જીપીસીબીના તારણ મુજબ તળાવના પાણીમાં ઓક્સિજનનું સ્તર અત્યંત ઘટી જતાં માછલીઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

### ઉનાળાની આકરી ગરમીને જવાબદાર ગણાવાયું

આ મામલે મોરા ગામના સરપંચ ભરત પટેલે જણાવ્યું હતું કે હાલ સમગ્ર વિસ્તારમાં આકરી ગરમી પડી રહી છે, જેના કારણે તળાવોના પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે. તેમણે જણાવ્યું કે માત્ર મોરા ગામ જ નહીં પરંતુ આસપાસના અનેક ગામોના તળાવો પણ લગભગ સુકાઈ જવાની સ્થિતિમાં પહોંચી ગયા છે. પાણી ઓછું થતા અને ઓક્સિજનનું પ્રમાણ ઘટતા માછલીઓના મોત થયા હોવાનું તેમણે જણાવ્યું હતું. સરપંચે વધુમાં કહ્યું કે ભૂતકાળમાં પણ ઉનાળાની ઋતુ દરમિયાન તળાવનું પાણી ઘટતા આ પ્રકારની ઘટનાઓ બની ચૂકી છે. હાલની ઘટનામાં પણ પ્રાથમિક રીતે કુદરતી પરિસ્થિતિ અને ગરમી મુખ્ય કારણ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# સીએનજી પમ્પની એજન્સીના નામે ૩૬.૪૪ લાખની છેતરપિંડી

**કોસંબાના યુવાનનું સીએનજી પમ્પ ખોલવાનું સ્વપ્નું રોળાયું**

હથોડાઃ કોસંબામાં એક યુવાન સાથે સીએનજી પમ્પ ખોલવાના નામે લાખો રૂપિયાની ઠગાઈ થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

મૂળ મહારાષ્ટ્રના અક્કલકૂવાના વતની અને હાલ જૂના કોસંબામાં રહેતા ૩૨ વર્ષીય વસીમ વાહિદભાઈ મેમણ પોતાનો નવો વ્યવસાય શરૂ કરવા માંગતા હતા. તેઓએ સીએનજી પમ્પ ખોલવાની ઈચ્છા સાથે અદાણી ગેસ કંપનીના ટોલ ફ્રી નંબર પર સંપર્ક કર્યો હતો. આ દરમિયાન તેમની મુલાકાત અભિષેક યાદવ નામના શખ્સ સાથે થઈ હતી. આરોપીએ પોતાનો મોબાઈલ નંબર આપી વસીમભાઈને વિશ્વાસમાં લીધા હતા.

ઠગાઈ કરવાના ઈરાદે આરોપીએ સૌપ્રથમ પમ્પ માટેની જગ્યાનું લોકેશન મેળવ્યું હતું. ત્યારબાદ પ્રોસેસ ફી અને ડિપોઝિટના નામે નાણાં ભરાવવાનું શરૂ કર્યું હતું. વસીમભાઈને શંકા ન જાય તે માટે આરોપી નાણાં ભર્યા બાદ તેની ખોટી રસીદો પણ મોકલતો હતો. આ રીતે વધુ વળતર અને એજન્સીની લાલચ આપી, અલગ-અલગ બહાના હેઠળ સ્કેનર અને બેંક વિગતો મોકલી કુલ રૂ.૩૬,૪૪,૩૩૨ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા.

લાંબો સમય વીતવા છતાં પમ્પની કામગીરી આગળ ન વધતાં અને આરોપી દ્વારા વધુ નાણાંની માંગણી ચાલુ રહેતા વસીમભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. અંતે, વિશ્વાસઘાતનો ભોગ બનેલા યુવાને કોસંબા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરત કચ્છ,...

રહેવાની શક્યતા છે. 13 થી 15 મે દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, રાજકોટ, અમરેલી, દ્વારકા અને બોટાદ જિલ્લામાં પણ હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગરમ અને ભેજવાળા પવનોને કારણે ખાસ કરીને સુરત, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં અકળામણ વધી શકે છે, તેથી સ્થાનિક લોકોએ સીધા સૂર્યપ્રકાશથી બચવા અને વધુ પ્રમાણમાં પાણી પીવા સલાહ આપવામાં આવી છે.

બીજી તરફ, ગરમીના આ પ્રકોપ વચ્ચે રાહતના સમાચાર એ છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે સ્થિતિ સાનુકૂળ બની રહી છે.ચાલુ સપ્તાહના અંત સુધીમાં દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર અને આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ વિસ્તારમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની શરૂઆત માટે પરિસ્થિતિ અનુકૂળ બનતી હોવાની માહિતી આપી છે.કંડલા એરપોર્ટમાં પણ 45 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### એન્ટીસાયકલોનિક સિસ્ટમ ઘુમરી ખાઈ રહી હોવાથી ગરમી વધી

હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, ગુજરાત પર એક વિશાળ 'એન્ટી-સાયક્લોન' ની સિસ્ટમ આકાર પામી છે. જે રાજસ્થાન અને પશ્ચિમ મધ્યપ્રદેશ સુધી વિસ્તરેલું છે. આ સિસ્ટમને કારણે આગામી થોડા દિવસોમાં પશ્ચિમ ભારતમાં ઉનાળાની ગરમી વધુ તીવ્ર બનશે.

### ત્રણ દિવસ...

હીટવેવની સ્થિતિ યથાવત રહી હતી. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની અને મહત્તમ તાપમાન 45 ડિગ્રી સુધી પહોંચવાની આગાહી કરી છે. જોકે, આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સુધી ઘટાડો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

### સુરતમાં સતત...

અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધુ રહેવાની આગાહી કરવામાં આવી છે. સતત વધતા તાપમાનને કારણે રસ્તાઓ પર વાહનચાલકો અને પગપાળા જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### બપોરે ૧૨થી...

રાખવા સૂચના આપવામાં આવી છે. તબીબોના જણાવ્યા મુજબ, આકરા તાપમાનના કારણે ડિહાઇડ્રેશન, ચક્કર આવવા, માથાનો દુખાવો અને લૂ લાગવાની શક્યતા વધી જાય છે. તેથી વધુમાં વધુ પાણી પીવું, લીંબુ શરબત, છાશ અને અન્ય પ્રવાહી પદાર્થોનું સેવન કરવું જરૂરી છે.

### હાય ગરમી !...

સોનગઢ ઓવરબ્રિજ પર ધોમધખતા તાપમાં ચાલુ બાઈકે એક યુવકના ખિસ્સામાં રહેલો મોબાઈલ અચાનક ધડાકાભેર ફાટતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ બ્લાસ્ટમાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર મૂળ નંદુરબારનો રહેવાસી દીપક મનોહર નામનો યુવક સોનગઢ ઓવરબ્રિજ પરથી પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક તેના પેન્ટના ખિસ્સામાં પ્રચંડ ધડાકો થયો હતો. ગરમીના કારણે મોબાઈલની બેટરી ઓવરહીટ થઈ જતાં આ દુર્ઘટના બની હોવાનું પ્રાથમિક તારણ છે. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે યુવકને સાથળના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને તે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ફસડાઈ પડ્યો હતો. આ દૃશ્ય જોઈને આસપાસના લોકોમાં પણ ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો અને 108ની મદદથી સોનગઢ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં વધુ સારવાર બાદ વ્યારા ખાતે રિફર કરાયો હતો.

### વાહન ચલાવતી...

શક્યતા વધી જાય છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને એ માટે લોકોએ તકેદારી રાખવી જરૂરી છે. ખાસ કરીને ગરમીમાં વાહન ચલાવતી વખતે મોબાઈલને સીધા સૂર્યપ્રકાશમાં ન રાખવો જોઈએ. ફોન વધુ ગરમ હોય ત્યારે તેને ચાર્જિંગમાં ન મૂકવો અને ચાર્જિંગ દરમિયાન ક્યારેય ફોનનો વપરાશ ન કરવો. આ ઉપરાંત, આખી રાત ફોન ચાર્જિંગમાં મૂકી રાખવાની આદત પણ બેટરી માટે જોખમી બની શકે છે.

### અસહ્ય ગરમીને...

ઘરે લઈને આવ્યા હતા. બાદમાં પરિવારજનો તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે અનુજને મૃત જાહેર કર્યો હતો. અનુજના સંબંધીએ જણાવ્યું હતું કે, અસહ્ય ગરમીને કારણે હીટસ્ટ્રોક લાગતાં તેનું મોત થયું હોવાનું ડોક્ટરે અમને હોસ્પિટલમાં જણાવ્યું હતું. બપોરે તે જમવા માટે આવ્યો હતો, ત્યારે તે સારો હતો અને તેને કોઈ બીમારી પણ ન હતી. ઉલ્લેખનીય છે કે બે દિવસથી શહેરમાં સતત ગરમીનો પારો 42 ડિગ્રીની ઉપર રહ્યો છે.

### દ.ગુ.માં પ્રથમ...

મળી રહ્યો છે. બારડોલી તાલુકાના કડોદ અને ઝરીમોરા ગામ વચ્ચે આવેલા ગોડાખાડી વિસ્તારમાં સિંહ દેખાયો હોવાની ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ગભરાટ ફેલાયો છે. સોમવારે સવારે અંદાજે ૭:૩૦ વાગ્યાની આસપાસ આ વન્યજીવ જોવા મળતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મજૂરીકામ અર્થે જઈ રહેલા ચિંતુ મનહર પટેલે દાવો કર્યો હતો કે, મેં મારી નજરે સિંહને જોયો છે. હું ડરના માર્યા જંગલ તરફ ભાગી ગયો હતો. આ વાત વાયુવેગે ફેલાતાં કડોદની અંદાજિત 22000 અને ઝરીમોરા ગામના અંદાજિત 1100ની વસતી ધરાવતા વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં અગાઉ ક્યારેય સિંહ જોવા મળ્યો નથી, જેના કારણે આ ઘટના ચર્ચાનો વિષય બની છે. ઘણીવાર દીપડા જોવા મળે છે. પરંતુ આ ઘટના નવાઈ પમાડનારી છે. સિંહની હાજરીની જાણ થતા જ સાવચેતીના ભાગરૂપે રોમાબેન યોગેશભાઈ શાહના ખેતરમાં વન વિભાગ દ્વારા તાત્કાલિક પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે. ખેત મજૂરોમાં પણ એટલો ડર છે કે તેઓ ખેતરમાં કામ કરવા જતાં અચકાઈ રહ્યા છે, જેના કારણે ખેતીકામ પર માઠી અસર પડી છે. આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

### સ્થાનિકોના સિંહ...

દ્વારા તે ખરેખર સિંહ છે કે અન્ય કોઈ વન્યજીવ, તેની પુષ્ટિ કરવા માટે પગમાર્ક અને અન્ય પુરાવાઓની તપાસ ચાલી રહી છે. ત્યાં સુધી ગ્રામજનોને સતર્ક રહેવા અને એકલ-દોકલ ખેતરમાં ન જવા સૂચના આપવામાં આવી છે. અવરજવરના વિસ્તારમાં 4 કેમેરા મૂકવામાં આવ્યા છે.

### તાપીમાં ડૂબી...

ધરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક આગેવાન અને ધારાસભ્ય કુંવરજી હળપતિએ તાત્કાલિક સ્થળે પહોંચી પરિસ્થિતિનો ક્યાસ લીધો હતો. તેમણે વહીવટી તંત્રને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચનાઓ આપી તેમજ શોકગ્રસ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. એક જ ગામના ચાર યુવાનોનાં મોતથી વાંકલા ગામ સહિત સમગ્ર વિસ્તારમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

### સુરતમાં 50...

આવી રહી નથી. જેના કારણે દૈનિક માંગ અને પુરવઠા વચ્ચે મોટો તફાવત ઉભો થયો છે. તેમણે જણાવ્યું હતું કે જે પેટ્રોલ પંપને રોજના ત્રણ ટેન્કરની જરૂરિયાત રહે છે, ત્યાં માત્ર એક કે બે ટેન્કર જ આપવામાં આવી રહ્યા છે. પરિણામે શહેરના ઘણા પંપ પર બપોર બાદ જ પેટ્રોલ ખૂટવાની સ્થિતિ સર્જાઈ રહી છે.ગામડાઓના પંપ પર તો બપોરે જ પેટ્રોલ ખલાસ થઈ જતું હોવાની ફરિયાદો એસોસિએશનની મળી રહી છે.

આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર અને પુરવઠા અધિકારીએ આવતીકાલે પેટ્રોલિયમ કંપનીઓના અધિકારીઓને બેઠક માટે બોલાવ્યા છે. સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશન દ્વારા પણ સપ્લાયની અછત, વધતી માંગ અને વિતરણની સમસ્યાઓ અંગે રજૂઆત કરવામાં આવશે. બીજી તરફ શહેરમાં ઈંધણ માટે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગાજે બપોરે જ જહાંગીરપુરા, રાંદેર અને અડાજણ પાટિયા વિસ્તારના અનેક પેટ્રોલ પંપ પર પેટ્રોલનો સ્ટોક પૂર્ણ થઈ જતા લોકો ચોકબજાર કિલ્લાના મેદાન પાસે આવેલા પેટ્રોલ પંપ તરફ દોડી આવ્યા હતા. ત્યાં મોટી સંખ્યામાં વાહનોની કતારો લાગી જતા ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા ટૂંક સમયમાં પૂરતો સપ્લાય આપવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બનવાની ભીતિ ડીલરો વ્યક્ત કરી રહ્યા છે.

### નાયરાના પંપ...

લોકોનો ધસારો વધતા અન્ય પંપ પર ડિમાન્ડ અસામાન્ય રીતે વધી ગઈ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં શહેર કરતાં વહેલી તકે પેટ્રોલ પૂર્ણ થઈ જતું હોવાનું તેમણે જણાવ્યું હતું.

### સચિનના SEZની...

ધરી છે. DRI દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલી વિગતો મુજબ, સચિન સ્થિત SEZમાં આવેલી મેસર્સ શ્રી નાકલાંગ જ્વેલર્સ નામનું યુનિટ SEZની જોગવાઈઓ હેઠળ ડ્યુટી ફ્રી કટ અને પોલિશ્ડ કુદરતી હીરાની આયાત કરતી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે ઉચ્ચ ગુણવત્તાવાળા હીરાઓને સ્થાનિક બજારમાં ડાયવર્ટ કરી તેના બદલે નીચી ગુણવત્તાવાળા રત્નો, ક્યુબિક ઝિર્કોનિયા, મોઈસાનાઈટ અથવા અન્ય સિમ્યુલન્ટ્સથી જડિત ચાંદીના દાગીનાની નિકાસ કરવામાં આવતી હતી. આખું રેકેટ મોન્ટુ ગાંધી ચલાવતો હતો. મોન્ટુ ગાંધી ડમી ભાગીદારો મારફતે મેસર્સ શ્રી નાકલાંગ જ્વેલર્સનું સંચાલન કરતો હતો. DRIએ DHV ગ્લોબલ શિપિંગ એન્ડ લોજિસ્ટિક્સ પ્રા. લિ.ના પરિસરમાં તપાસ દરમિયાન મોન્ટુ ગાંધીની હાર્ડ ડિસ્ક અને બે મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. અધિકારીઓએ આરોપ મૂક્યો છે કે આરોપીએ મોબાઈલના પાસવર્ડ આપવાનો ઈનકાર કર્યો હતો.

DRIના દાવા મુજબ, મોન્ટુ ગાંધી આયાત-નિકાસ દસ્તાવેજીકરણ, બેંકિંગ ઓપરેશન, ICEGATE અને NSDL સંબંધિત પાલન, વિદેશી સંકલન તેમજ ઓપરેશનલ કામગીરીનું સંચાલન કરતો હતો. અધિકારીઓએ હાલ અંદાજે બે કરોડ રૂપિયાની કસ્ટમ્સ ડ્યૂટી ચોરીનો ગુનો નોંધ્યો છે. સાથે જ આશરે 1100 કરોડ રૂપિયાની જ્વેલરી જપ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ડીઆરઆઈએ કહ્યું હતું કે, લાંબી તપાસ બાદ માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે, સાથે સાથે કંપનીઓ ચલાવવા માટે ઉપયોગમાં લેવાતા ડમી ભાગીદારોની પણ શોધ કરવામાં આવી રહી છે.

### કંપનીઓની તપાસ કરાશે તેમ કેસનો વ્યાપ વધવાની અપેક્ષા

દરોડા દરમિયાન જપ્ત કરાયેલા ડિજિટલ પુરાવા સૂચવે છે કે કૌભાંડ રૂ.2,000 કરોડથી વધુનું હોઈ શકે છે, અન્ય કંપનીઓના ભૂતકાળના વ્યવહારો હવે તપાસ હેઠળ છે. આરોપીઓ સાથે જોડાયેલા અગાઉના સોદાઓની તપાસ કરવામાં આવી રહી છે. તપાસનો વિસ્તાર થઈ રહ્યો છે, એક અધિકારીએ પુષ્ટિ આપી હતી. આ ધરપકડથી સુરતના હીરા ઇકોસિસ્ટમના વેપારીઓમાં ચિંતા ફેલાઈ ગઈ છે, અને અધિકારીઓએ સંકેત આપ્યો છે કે વધુ તપાસ થઈ શકે છે. અધિકારીઓએ નાણાકીય ટ્રેઇલ્સ, વિદેશી વ્યવહારો અને આરોપીઓ સાથે સંકળાયેલી કંપનીઓની તપાસ કરશે તેમ કેસનો વ્યાપ વધવાની અપેક્ષા છે.

### 20 શિપિંગ...

CPD જડિત ચાંદીના ઝવેરાત" તરીકે જાહેર કરાયેલા માલનું કુલ FOB મૂલ્ય 134.23 કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યું હતું. જો કે, GJEPC પેનલના મૂલ્યાંકન નિષ્ણાત જયંતીભાઈ સાવલિયાએ કરેલા મૂલ્યાંકનમાં માલની વાસ્તવિક કિંમત માત્ર 4.93 કરોડ રૂપિયા હોવાનું બહાર આવ્યું હતું. એટલે કે માલનું મૂલ્ય આશરે 27 ગણું વધારે દર્શાવાયું હોવાનો આક્ષેપ છે.

### ડાયમંડ હવાલા...

પર્દાફાશ થઈ શકે એવી શક્યતા ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI)એ વ્યક્ત કરી છે. આ કેસમાં હજી વધુ ધરપકડ થાય એવી શક્યતા દેખાઈ રહી છે.

### સુરતમાં 10...

હતી. કૌભાંડીઓના કારણે લાખો નિર્દોષ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવાની ફરજ પડી છે. આ નિર્ણય બાદ સોશિયલ મીડિયા સહિત દેશભરમાં ભારે ચર્ચા અને હોબાળો મચી ગયો છે. ઘણા વિદ્યાર્થીઓએ માનસિક તાણ વ્યક્ત કર્યું છે, જ્યારે નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓને ગભરાશો નહીં અને નવી તક માનીને ફરી તૈયારી શરૂ કરવાની સલાહ આપી છે.

# ડુંગરામાં ગેરકાયદે ધર્મ પરિવર્તન કરાવનાર સામે પગલાં ભરવા માંગ

**ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું**



સુરત, કામરેજઃ આદિવાસી હળપતિ સમાજમાં ધર્મ પરિવર્તન કરનાર તેમજ જમીન પર કબજો કરનારની સામે કાર્યવાહી કરવા બાબતે ડુંગરા ગામના લોકો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

કામરેજ તાલુકાના ડુંગરા ગામમાં નવી કોલોની હળપતિ વાસમાં રહેતા જગુ સોમાભાઈ રાઠોડ સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે, ડુંગરા ગામમાં આવેલી રેવેન્યુ રેકોર્ડ નં.2 નવી કોલોની હળપતિવાસ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી નયન રાવજી ઓડ નામનો ઈસમ બહારગામથી રહેવા આવીને ગામના તથા આજુબાજુનાં ગામોમાં આદિવાસી હળપતિ સમાજના લોકને લોભલાલચ આપી સાજા કરવાના બહાને અંધશ્રદ્ધા ફેલાવી અત્યાર સુધીમાં 25થી પણ વધુ પરિવારોને મૂળ ધર્મ છોડાવી ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ કરાવ્યું છે.

આદિવાસી-હળપતિ સમાજની પ્રાકૃતિક પૂજા પદ્ધતિ, લગ્નવિધિ, મરણવિધિ અને ધાર્મિક જીવન પદ્ધતિને તોડી સમાજમાં ભાગલા પડાવી સામાજિક જીવનને અસ્તવ્યસ્ત કરવાનું કાર્ય ચલાવે છે. નયન ઓડ, જીણાભાઈ ભાણાભાઈ ઉર્ફે કીકાભાઈ રાઠોડ નામની વ્યક્તિની 73 એએ વાળી જમીન મિલકત જે આદિવાસી હળપતિને સરકાર દ્વારા રહેણાક હેતુ માટે ફાળવી હતી.

આ સરકારી જમીન પર ગેરકાયદે બિનઅધિકૃત કબજો કરી લીધો હોવાથી જમીન મિલકતનો કબજો મૂળ માલિકને પરત મળે તેમજ ગુજરાત સરકારના ધર્માંતરણના કાયદા મુજબ કાર્યવાહી કરવા સુરત કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.


**ધરમપુર નગરપાલિકા ધરમપુર તરફથી**

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૦૭/૨૦૨૬-૨૭**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ ધરમપુર નગરપાલિકા હદમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામોના ઓન લાઈન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઈ- ટેન્ડર મગાવવામાં આવે છે. ઈટેન્ડરની વિગત અત્રેની કચેરીએ તથા વેબ સાઈટ (https://www.nprocure.com ) પરથી તા.૧૩/૦૫/૨૦૨૬ થી જોવા મળશે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓન લાઈન ભરવાની છેલ્લી તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ સાંજે ૬ : ૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રજી.પો.એ.ડી./કુરીઅર થી મોકલવાની છેલ્લી તા.૨૫/૦૫/૨૦૨૬ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવીત તા.૨૬/૦૫/૨૦૨૬ નાં રોજ રહેશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહીતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હકકો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજુર કરવા કે નામંજુર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે. જેનાં કોઈ કારણો જણાવવામાં આવશે નહી. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

| ક્રમ | યોજના | કામગીરી | ટેન્ડરની અંદાજીત રકમ (રૂા.) | કોન્ટ્રાક્ટર શ્રેણી | કામની સમય મર્યાદા | ટેન્ડર ફી અને EMD ની રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫ માં નાણાપંચ યોજના વર્ષ: ૨૦૨૦-૨૦૨૧ અનટાઈડ (બચત રકમ) | ડમ્પીંગ સાઈટ પર ટોઈલેટ બ્લોક બનાવવાનું કામ. | ૧૨,૯૮,૮૯૭/- | E - 2 | ૧ માસ | ૧૫૦૦/- અને ૧૨,૯૮૯/- |
| ૨ | ૧૫ માં નાણાપંચ યોજના વર્ષ: ૨૦૨૦-૨૦૨૧ અનટાઈડ (બચત રકમ) | ધરમપુર નગરપાલિકાના સ્પોર્ટ કોમ્પ્લેક્ષમાં બહારના ભાગે ડેમપ્રુફ કરી કલરકામ અને રિપેરીંગ કરવાનું કામ. | ૧૫,૧૨,૩૩૨/- | E - 1 | ૧ માસ | ૧૫૦૦/- અને ૧૫,૧૨૩/- |
| 3 | ૧૫ માં નાણાપંચ યોજના વર્ષ: ૨૦૨૨-૨૦૨૩ અનટાઈડ (બચત રકમ) | ધરમપુર નગરપાલિકાના વિવિધ વિસ્તારમાં આવેલ ગાંધીબાગ ગાર્ડન, મનહરઘાટ ગાર્ડન, ત્રણ દરવાજા ગાર્ડન રિનોવેશન કરવાનું કામ. | ૩૦,૫૭,૦૭૩/- | E - 1 | 3 માસ | ૨૫૦૦/- અને ૩૦,૫૭૦/- |
| ૪ | ૧૫ માં નાણાપંચ યોજના વર્ષ: ૨૦૨૧-૨૦૨૨ સ્પેશિયલ (બચત રકમ) | ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્વર્ગવાહિની નદી ઉંડી અનેપોહોળી કરવાનું કામ | ૨૩,૪૫,૮૧૧/- | E - 1 | ૧ માસ | ૧૫૦૦/- અને ૨૩,૪૫૮/- |
| ૫ | વ્યવસાય વેરા ગ્રાન્ટ વર્ષ : ૨૦૨૪-૨૦૨૫ | શ્રીમંત મહારાણા નારણ દેવજી લાયબ્રેરીનું રિનોવેશન કરવાનું કામ. | ૩૭,૮૫,૯૭૦/- | E - 1 | 3 માસ | ૨૫૦૦/- અને ૩૭,૮૫૯/- |

ચીફ ઓફીસર ધરમપુર નગરપાલિકા | ન. માહિતી/વલસાડ/૮૭/૨૦૨૬ | પ્રમુખ ધરમપુર નગરપાલિકા